# વડાપ્રધાનના આગમન પૂર્વે જ વિજળી વેરણ

## આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમને કારણે શહેરમાં મીની વાઈબ્રન્ટનો માહોલ : આંતરરાષ્ટ્રીય મહેમાનોની હાજરી ટાણે પાટનગરમાં લાઈટો ગુલ થતા તંત્રની દોડધામ

ગાંધીનગર, તા.૨૨

આજે સાંજના આશરે સવા છના સુમારે શહેરમાં વિજળી વેરણ થવા પામી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનની ઘડીઓ ગણાઈ રહી હતી ત્યારે જ અચાનક લાઈટો ગુલ થતા વ્યવસ્થામાં લાગેલા અધિકારીઓ તથા કર્મચારીઓમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ જયાં ૨૪ કલાક વિજળીનો દાવો કરાય છે તેવા વડાપ્રધાનના મોડેલ સ્ટેટના પાટનગરમાં જ તેમના આગમન ટાણે લાઈટો ગુલ થવાની ઘટના નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બની હતી. જો કે લાઈટો થોડીવારમાં આવી જતા તંત્રએ રાહતનો દમ લીધો હતો.

ગુજરાતને વડાપ્રધાન દ્વારા મોડેલ સ્ટેટના સ્વરૂપે પ્રોજેકટ કરવામાં આવે છે. વળી હાલ આ મોડેલ સ્ટેટના પાટનગરમાં મિની વાઈબ્રન્ટ સમિટ જેવો આફ્રિકન ડેવલપમેન્ટ બેંકનો કાર્યક્રમ પણ મહાત્મા મંદિરે યોજાયો છે. જેમાં હાજરી આપવા ખુદ વડાપ્રધાન પધાર્યા છે. બરાબર વડાપ્રધાનના આગમનના થોડા સમય પહેલા જ શહેરમાં અચાનક લાઈટોનું ગુલ થવું આશ્ચર્યજનક જણાયું હતું અને આ મુદ્દો શહેરમાં ‘ટોક ઓફ ધ ટાઉન’ બન્યો હતો.

નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતને વિકાસના મોડેલ તરીકે રજૂ કરવામાં ૨૪ કલાક વિજળીનો દાવો સૌથી મોખરે રહ્યો છે. વળી, શહેરમાં હાલ આંતરરાષ્ટ્રીય મહાનુભાવોની હાજરી પણ મોટા પ્રમાણમાં મોજુદ છે. આ સંજોગોમાં વિજળીનું વેરણ થવું એ તંત્ર માટે ચિંતાનો વિષય બને તે સ્વાભાવિક છે.

સાંજના સુમારે આશરે ૧૫ થી ૨૦ મનિટ માટે લાઈટો ગુલ થતા ટોરેન્ટ પાવરની ઓફિસે ટેલિફોન ઈન્કવાયરીનો મારો ચાલુ થઈ ગયો હતો. જો કે આશરે વીસેક મિનિટમાં લાઈટો ફરી આવી જતા સૌએ રાહતનો દમ લીધો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... કાળુ નાણા અને સફેદ નાણાને અલગ માને છે... કાળા ધોળા માણસોને નહીં...!!

## ભારત-આફ્રિકાના વ્યાપારી સંબંધો ‘‘ઈન્ડિયા-આફ્રિકા પાર્ટનર્સ ઈન ગ્રોથ’’ પ્રદર્શનથી વધુ સુદ્રઢ બનશે

ગાંધીનગર, તા.૨૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહેલી આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની બાવનમી વાર્ષિક મિટિંગ પ્રસંગે યોજાયેલ ‘‘ઈન્ડિયા-આફ્રિકા-પાર્ટનર્સ ઈન ગ્રોથ’’ પ્રદર્શનનું ઉદઘાટન કરતા હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આવા પ્રકારના ટ્રેડ એક્ઝિબિશનથી ભારત-આફ્રિકાના ઉદ્યોગ ગૃહો એકબીજાને વધુ સારી રીતે સમજી શકશે જેનાથી આ દેશોમાં વધુ ઉદ્યોગો સ્થપાશે, રોજગારીનું સર્જન થશે એટલું જ નહીં વ્યાપારી સંબંધો સુદ્રઢ થતા વધુ સુદ્રઢ કરનારૂ ગણાવ્યું હતું. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી સંતોષકુમાર ગંગવારે પ્રદર્શનને ભારત-આફ્રિકન દેશોના ઉદ્યોગપતિઓને માટે વિચાર-વિમર્શનું મહત્વનું પ્લેટફોર્મ ગણાવ્યું હતું. દુનિયાના દેશોમાં આ ઈવેન્ટથી આપણી આગવી ઓળખ ઉભરશે.



જણાવ્યું હતું કે, આ પ્રદર્શનથી ભારત-આફ્રિકાના વ્યાપારી સંબંધો વધુ સુદ્દ્ઢ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર પરિસરમાં અંદાજે ૩૧૦૦ ચો.મી. વિસ્તારમાં ફેલાયેલા ૬૭ એક્ઝીબિટર્સ દ્વારા નિર્માણ પામેલા ૧૫૦થી વધુ સ્ટોલ ધરાવતા પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યું આયાત-નિકાસને વેગ મળશે. મુખ્યમંત્રીશ્રીએ ભારત-આફ્રિકાના દેશો વચ્ચે કૃષિ-સિંચાઈ, ફાર્મા ઉપરાંત સોલાર ઉર્જા જેવા ક્ષેત્રે વિકાસની નવી દિશા ઉઘડશે, તેમ પણ જણાવ્યું હતું.

ખાસ ઉપસ્થિત રહેલા કેન્દ્રના નાણા વિભાગના રાજ્યમંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલે આ પ્રદર્શનને ભારત-આફ્રિકાના આર્થિક સંબંધોને

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કના વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત પેરી ગુશલીન સહિતના મહાનુભાવોએ આ પ્રદર્શનમાં ડિજીટલ ફોટો કોર્નર, ગુજરાત સોલાર પાર્ક, ગુજરાત ટુરિઝમના વર્ચ્યુઅલ રીયાલીટી ડિવાઈસ, કૃષિ અને ઈનોવેશન-સ્ટાર્ટ અપના સ્ટોલને રસપૂર્વક નિહાળી વિશદ માહિતી મેળવી હતી.

## જનસંઘના રાષ્ટ્રીય મહામંત્રીપદે ગોપાલભાઈ પટેલની વરણી



ગાંધીનગર, તા. ૨૨

અખિલ ભારતીય જનસંઘની રાષ્ટ્રીય કારોબારીની બેઠક તાજેતરમાં નવી દિલ્હીમાં મળેલ હતી. વર્તમાન રાષ્ટ્રીય મહામંત્રી અને પૂર્વ સાંસદ પ્રફુલભાઈ ગોરડિયાના અધ્યક્ષસ્થાન મળી હતી. જેમાં સર્વાનુમતે રાષ્ટ્રીય અધ્યક્ષપદે આચાર્ય ભારતભૂષણ પાન્ડે (બિહાર) અને મહામંત્રી પદે ગુજરાતના હાલના પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ અંબાલાલ પટેલની વરણી કરવામાં આવી હતી.

## રવિવારના વરસાદે હોર્ડિંગ્સ અને બેનર ધરાશાયી કર્યા...!!

### વડાપ્રધાનના આગમનને વધાવતા હોર્ડિંગ્સ પવનથી પડી જતા ફરી ઉભા કરવા તજવીજ હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં રવિવારની સાંજે અચાનક વરસેલા પવન તથા બરફના કરાં સાથેના તોફાની વરસાદના પગલે અનેક હોર્ડિંગ્સ ધરાશાયી થવા પામ્યા માર્ગ પર લગાડી દેવાયા હતા. આમ પણ ગાંધીનગરના દરેક સર્કલે હોર્ડિંગ્સની ભરમાર સતત રહેતી હોય છે. તેમાં આ હોર્ડિંગ્સનો ઉમેરો થયો હતો. જો કે રવિવારે તોફાની પવન સાથે વરસેલા



બરફના કરા સાથેના વરસાદે અનેક હોર્ડિંગ્સનો ભોગ લીધો હતો જયારે ઘણા બધા હોર્ડિંગ્સ નમી જવા અથવા ફાટી જવા પામ્યા હતા. વળી, સોમવારે સાંજે પાછો પવન ફુંકાતા નમી પડેલા હોર્ડિંગ્સ પણ જમીનદોસ્ત થવા લાગ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત અગ્રણી નેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સની હાલત




છે. શહેરમાં અત્યારે મહાત્મા મંદિરે આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની સામાન્ય સભાના આયોજનને પગલે મીની વાઈબ્રન્ટ સમિટ જેવો માહોલ સર્જાયો છે. આ કારણે દરેક સર્કલે હોર્ડિંગ્સની ભરમાર જોવા મળે છે. પરંતુ રવિવારે ફુંકાયેલા પવન તથા તોફાની વરસાદના પગલે અનેક હોર્ડિંગ્સ પડી ગયા હતા અથવા નમી પડયા હતા.

મહાત્મા મંદિરે આયોજિત આફ્રિકન ડેવલપમેન્ટ બેંકના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારવાના હોવાથી તેમના આગમનને વધાવતા અનેક હોર્ડિંગ્સ એરપોર્ટ રોડ તથા મહાત્મા મંદિર દયાજનક થઈ જવા પામી હતી. શહેરમાં આંતરરાષ્ટ્રીય મહેમાનોની ઉપસ્થિતિ હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ હોર્ડિંગ્સને સીધા કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## આફ્રિકન ઈકોનોમિક આઉટ લૂક-૨૦૧૭નું લોકાર્પણ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના આંગણે આફ્રિકન ડેવલપમેન્ટની બાવનમી બેઠકના પ્રથમ દિવસે ‘‘આફ્રિકન ઈકોનોમી આઉટલૂક-૨૦૧૭’’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્યાના નાણા મંત્રી શ્રી રોટીક(Rotich), ડાયરેક્ટર DELO શ્રી મારીયો પીઝીની, ECA DY એકઝુ સેક્રેટરી ECA એબ્ડોલીયે મારીયો AG માઈક્રોનોમિક્સ પોલીસી ફોર કાસ્ટિંગ એન્ડ રિસર્ચીંગ AFDBના શ્રી એબ્ડે શિમલેશ ડૉ. હેમડોક અને શ્રીમતી એન્જેલ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પુસ્તકમાં આફ્રિકન ડેવલપમેન્ટ ગ્રોથ, ડ્રાઈવર્સ ઓફ ગ્રોથ-૨૦૧૬, (પ્રોક્ષીમેટ) ફેકટર્સ, ઉદ્યોગ સાહસિકો માટે ઉભરી રહેલી તક, તેમજ કૃષિ વિષયક અંગેની રસભર માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. તદુપરાંત સ્વિટ્ઝરલેન્ડ, તાન્ઝાનિયા, ઝીમ્બાબ્વે, ઘાના, યુગાન્ડા વગેરે જેવાં આફ્રિકન દેશોની ઔદ્યોગિક માહિતી રજૂ કરવામાં આવી છે.

